# હાથ રાખી હાથમાં ચાલ્યા હતા, તોય અંતે બે જણા નોખા પડ્યા!

દોલતરામ મીણા મોડી સાંજે ખેતરમાં મજૂરી કરીને પાછા આવ્યા ત્યારે એમની પત્ની પાર્વતીદેવી રોટલો ચડાવતી હતી, નાની દીકરી લક્ષ્મીકુમારી પાયા તાલબની શેરીમાં રમતી હતી ને બારમા ધોરણમાં ભણતો દીકરો સમીર ચોપડી વાંચવામાં તલ્લીન હતો.

પાર્વતીદેવીએ ઝટપટ રોટલા ચડાવી દીધા, ને બધાને જમવા બેસાડી દીધાં.

‘‘આજે કેમ થાકેલા લાગો છો પપ્પા ?’’ સમીરે પિતાની સામે જોઈને પૂછ્યું.

‘‘થાક તો લાગે જ ને બેટા,’’ દોલતરામ બોલ્યા, ‘‘એક તો આપણી રાજસ્થાનની સૂકી જમીન અને ખેડવાનાં સાધનોય ટાંચાં એટલે મહેનત વધારે કરવી પડે.’’

‘‘તો રહેવા દો પપ્પા,’’ સમીરે કહ્યું, ‘‘તમે અત્યાર સુધી ખૂબ કામ કર્યું છે, કુટુંબ માટે તમે બહુ મહેનત કરી છે. હવે હું મોટો થઈ ગયો છું. બસ, બારમું ધોરણ પાસ કરી લઉં, એ પછી હું પણ તમારી સાથે જ મજૂરી કરવા આવીશ.’’ ‘‘અરે બેટા,’’ ફળફળતો નિસાસો નાખીને દોલતરામ બોલ્યા, ‘‘તને ભણાવવા માટે તો હું આટલી વધારે મહેનત કરું છું. મારે તો તને ડૉક્ટર બનાવવો છે, ભલે ગમે તેટલો ખર્ચ થાય, ઘર વેચી દેવું પડે તો પણ વાંધો નથી પણ તને ડૉક્ટર બનેલો જોઉં ત્યારે મારી આંખ ઠરશે.’’ ‘‘સારું પપ્પા,’’ સમીરે કહ્યું, ‘‘પણ, બારમા પછી વેકેશન પડશે ને પછી કોલેજ ખૂલશે એટલે વચ્ચેના સમયમાં તો હું તમારી સાથે ખેતરમાં આવીશ.’’

‘‘તારે હવે કઈ કોલેજમાં જવાનું છે ?’’ દોલતરામે પૂછ્યું. ‘‘પપ્પા,’’ સમીર બોલ્યો, ‘‘મેં બાર સાયન્સમાં બી ગ્રુપ રાખ્યું છે. જો મારે બારમામાં સારા ટકા આવે, તો નીટ યુ.જી.ની પરીક્ષા આપીશ. એ પરીક્ષા સારા ટકા સાથે પસાર કરીશ તો મને એમ.બી.બી.એસ.માં એડમિશન મળશે. હવે બારમા ધોરણના ટકા એમ.બી. બી.એસ.ના એડમિશન માટે ગણાતા નથી.’’

‘‘તો પછી તું ખેતરે આવવાનું રહેવા દે,’’ પાર્વતીદેવી બોલી, ‘‘ઘેર રહીને અભ્યાસ જ કર્યા કરજે. હું તને જ્યારે જોઈએ ત્યારે ચા ને નાસ્તો બનાવી દઈશ.’’

‘‘ભલે મમ્મી,’’ સમીર બોલ્યો, ‘‘હું ભણવામાં જ ધ્યાન રાખીશ અને નીટ યુ.જી.માં સારામાં સારા ટકા લાવીશ.’’

સમય પસાર થતો ગયો. પાયા તાલબનું તળાવ પાણીથી છલકાવા લાગ્યું. બારમા ધોરણની પરીક્ષા પણ પતી ગઈ અને પરિણામ પણ આવી ગયું.

સમગ્ર રાજસ્થાન બોર્ડમાં સમીર બીજા નંબરે પાસ થયો હતો અને સલુમ્બર જિલ્લામાં એ પ્રથમ આવ્યો હતો! એને અનેક ઈનામ તો મળ્યાં જ, સાથે રાજસ્થાન સરકારે એને આગળ ભણવા માટે સ્કોલરશીપ મળે એની પણ ગોઠવણ કરી નાખી.

‘‘દોસ્ત,’’ એક દિવસ એનો મિત્ર કમલેશ મીણા એને મળવા આવ્યો, ‘‘તું આટલા સરસ માર્ક્સ સાથે પાસ થયો, તો પાર્ટી તો બનતી હૈ!’’

‘‘પરમદિવસે સાંજના જ પાર્ટી રાખી છે,’’ સમીર બોલ્યો, ‘‘હું તને કહેવડાવવાનો જ હતો, ત્યાં તું આવી ગયો.’’

‘‘હું તો તને અભિનંદન આપવા જ આવ્યો હતો યાર,’’ કમલેશ બોલ્યો, ‘‘પણ પરમદિવસે સાંજના તારી પાર્ટીમાં જરૂર આવીશ.’’

બીજે દિવસે કમલેશ બાઈક લઈને ઉદયપુર ગયો. એ જો કે પૈસાદાર નહોતો પણ મિત્રને સરસ ભેટ આપવાની એની ઈચ્છા હતી. થોડી દુકાનો ફર્યા પછી એક ઘડિયાળની દુકાનમાં એણે એક સરસ કાંડા ઘડિયાળ જોઈ. કાળા કલરની ને વાદળી ડાયલવાળી સરસ ઘડિયાળ હતી. કિંમત પણ માત્ર આઠસો રૂપિયા હતી. કમલેશે તરત જ એ ઘડિયાળ ખરીદી લીધી.

બીજે દિવસે બપોરના જ એ સલુમ્બરના પાયા તાલબ ગામે પહોંચી ગયો. દોલતરામ સમીરના જૂના દોસ્ત કમલેશને જોઈને ખુશ થયા. મોડી સાંજના પાર્ટી હતી. રાજસ્થાનની પાર્ટીમાં બીજું તો શું હોય, દાલ-બાટી અને ચૂરમું. શહેર હોત તો જુદી વાત હતી પણ આ તો નાનકડું ગામ એટલે કોઈ પણ તહેવાર કે શુભપ્રસંગમાં પાર્ટીમાં દાલબાટી અને ચૂરમું જ હોય!

કમલેશે સમીરને ઘડિયાળ ભેટ આપી ને સમીર ખુશ થઈ ગયો.

‘‘વાહ દોસ્ત,’’ સમીર બોલ્યો, ‘‘મસ્ત ઘડિયાળ છે. મને બહુ ગમી તારી ભેટ.’’

‘‘બસ, તો પછી,’’ કમલેશ બોલ્યો, ‘‘હંમેશાં આ ઘડિયાળ પહેરી રાખજે. રાત્રે પણ કાઢતો નહીં.’’

‘‘નહીં કાઢું મિત્ર,’’ સમીરે હસીને કહ્યું, ‘‘અત્યારે જ પહેરી લઉં છું.’’ આટલું કહીને એણે ઘડિયાળ પહેરી લીધી. ઘડિયાળ એને ખરેખર શોભતી હતી. અચાનક કમલેશનું ધ્યાન એક સોહામણી યુવતી તરફ ગયું. સમીરનું ધ્યાન કમલેશ તરફ જ હતું. ‘‘સરસ છોકરી છે નહીં કમલેશ ?’’ સમીરે પૂછ્યું અને કમલેશ ચમક્યો.

‘‘હા..ના....હા,’’ કમલેશે અચકાતાં કહ્યું, ‘‘હું તો ખાલી જોતો હતો કે, આ છોકરી કોણ હશે.’’

‘‘એ ભાવના છે. ભાવના મીણા.’’ સમીરે કહ્યું, ‘‘મારા ગામની જ છે. એણે મારી સાથે જ બારમું ધોરણ પાસ કર્યું છે. તને ગમી?’’ ‘‘કેવી વાત કરે છે ?’’કમલેશે કહ્યું, ‘‘આવી છોકરી કોને ન ગમે? ’’

‘‘તો પછી એનાં લગ્ન તારી સાથે કરાવી દઈશ.,’’ સમીરે એના ખભા પર હાથ મૂકીને કહ્યું, ‘‘આવતા વીકમાં જ. હું એના ઘરનાને ઓળખું છું.’’

ત્રીજા દિવસે જ સમીર કમલેશને ગામ પારૌડા ગયો. ‘‘કમલેશ,’’ એણે કહ્યું, ‘‘ભાવનાના પિતા તો એને પરણાવવા રાજી નથી પણ હું તને ઉદયપુરની કોર્ટમાં એની સાથે લગ્ન કરાવી દઈશ. જો કે એ પહેલાં એકાદ વખત તું અને ભાવના શાંતિથી મળો. ખરગેતા ગામની હાડી રાણીના મહેલમાં સ્કૂલ છે એમાં ભાવના ભણતી હતી, ત્યાં સુંદર બાગ છે, વિશાળ તળાવ છે. ત્યાં તમે બંને મળો. હું કાલે સવારે ભાવનાને ત્યાં આવવાનું કહું છું, તું પણ ત્યાં પહોંચી જજે.’’

કમલેશ બીજા દિવસે ત્યાં પહોંચ્યો ત્યારે ભાવના હાજર જ હતી. બંને મળ્યાં. એકબીજાને પસંદ પણ આવ્યાં પણ ભાવનાના પિતાનું નડતર કઈ રીતે દૂર કરવું એ એમને સમજાતું નહોતું.

આખરે, સમીર એક દિવસ એ બંનેને લઈને ઉદયપુર ગયો ને ત્યાં એમના કોર્ટ મેરેજ કરાવી પણ દીધા.

જો કે એ પછી ભાવનાના પિતાનો ગુસ્સો શમતો નહોતો. ભાવનાને તો એમણે ઘરમાં પ્રવેશવાની જ ના પાડી દીધી.

એ દરમિયાન નીટ યુ.જી. પરીક્ષા જાહેર થઈ ને સમીરે ફરી અભ્યાસમાં ધ્યાન પરોવ્યું. એણે તનતોડ મહેનત કરી.

પરીક્ષા આવી પણ ગઈ ને સમીરને વિશ્વાસ હતો કે એ સારા નંબરે પાસ થશે.

કમલેશને હવે આ ગામમાં રહેવામાં પણ સલામતી લાગતી નહોતી એટલે એણે નોકરી માટે અમદાવાદ તરફ નજર દોડાવી.

આખરે એને અને ભાવનાને અમદાવાદમાં એક સાહેબના ઘેર નોકરી મળી પણ ગઈ.

સાહેબનો બંગલો સરસ હતો. સર્વન્ટ ક્વાર્ટર પણ સરસ હતું. એના સાહેબે સર્વન્ટ ક્વાર્ટરમાં પણ ફ્રીઝ, એ.સી., ટી.વી., વાઈફાઈ જેવી સગવડો પણ એને આપી રાખી હતી. થોડા સમયમાં જ એ અને ભાવના અમદાવાદમાં સેટ થઈ ગયાં. આ તરફ નીટ યુ.જી.નું પરિણામ આવ્યું. સમીરના આશ્ચર્ય વચ્ચે એ આખા ભારતમાં પચાસમા નંબરે પાસ થયો હતો ! હવે ભારતની કોઈ પણ મેડિકલ કોલેજમાં એને આસાનીથી પ્રવેશ મળી શકે એમ હતો.

જો કે એણે અમદાવાદની સિવિલ હોસ્પિટલ પસંદ કરી કેમ કે રાજસ્થાનથી દર્દીઓ લગભગ સિવિલ હોસ્પિટલમાં જ આવતા હતા. એ બહાને પોતાના પ્રદેશનો સંપર્ક રહે એ જ આશય આ મેડિકલ કોલેજ પસંદ કરવા પાછળ સમીરનો હતો.

દોલતરામ મીણા તો હવે પોતાનો દીકરો ડૉક્ટર બનશે એ જાણીને ભાવવિભોર બની ગયા. એમણે ફરીથી દાલબાટી ને ચૂરમાની પાર્ટી આપી. જો કે આ વખતે કમલેશ અને ભાવના નહોતાં!




**તને ભણાવવા માટે તો હું આટલી વધારે મહેનત કરું છું. મારે તો તને ડૉક્ટર બનાવવો છે, ભલે ગમે તેટલો ખર્ચ થાય, ઘર વેચી દેવું પડે તો પણ વાંધો નથી પણ તને ડૉક્ટર બનેલો જોઉં ત્યારે મારી આંખ ઠરશે**

પાર્ટીના બીજા દિવસે કમલેશ અને ભાવના સલુમ્બરના પોરાટા ગામે આવ્યાં. પોતાના ગામમાં આટલા મહિનાઓ પછીના પ્રવેશનો આનંદ કમલેશના ચહેરા પર છલકાતો હતો.

કમલેશનાં પિતા અને માતા બંનેને જોઈને આનંદમાં આવી ગયાં. જો કે એમની ચિંતા એ હતી કે, આટલા મોટા શહેર અમદાવાદમાં કમલેશ શું કરતો હશે?

‘‘કમલેશ ,’’ એમણે રાત્રે જમતી વખતે પૂછ્યું, ‘‘તું અમદાવાદમાં શું કરે છે?’’

‘‘એક સાહેબના ઘેર નોકરી કરું છું,’’ કમલેશે કહ્યું, ‘‘હું અને ભાવના બંને એમનું ઘરકામ કરીએ છીએ. પગાર પણ સારો છે ને એ લોકો જે ખાય એ જ અમને ખાવા આપે છે. સરસ ક્વાર્ટર પણ છે. મઝા જ મઝા છે ત્યાં.’’

‘‘તો તો સારું બેટા,’’ કમલેશની માતાએ કહ્યું, ‘‘શાંતિથી રહેજો ને પ્રામાણિકતાથી સાહેબનું કામ કરજો.’’

એ પછી બીજા દિવસે કમલેશ પાયા તાલબ ગામે સમીરને મળવા ગયો. એને ભેટીને એણે અભિનંદન આપ્યા.

‘‘કમલેશ,’’ સમીરે કહ્યું, ‘‘તું અને ભાવના તો અમદાવાદમાં સેટ થઈ ગયાં, હવે થોડા દિવસમાં હું પણ સિવિલ હોસ્પિટલની મેડિકલ કોલેજમાં ભણવા માટે આવવાનો છું. ક્યારેક મળવાનું થશે જ.’’

‘‘વાહ વાહ,’’ કમલેશ બોલ્યો, ‘‘તો તો મઝા પડશે.’’

‘‘અને બીજી વાત,’’ સમીરે બાજુના ટેબલમાંથી એક બોક્સ કાઢીને એને આપતાં કહ્યું, ‘‘આમાં તારા માટેની એક ભેટ મારી તરફથી છે.’’

કમલેશે બોક્સ ખોલીને જોયું, અંદર એક નવો જ સરસ મોબાઈલ હતો!

‘‘જો કમલેશ,’’ સમીરે કહ્યું, ‘‘આ જમાનામાં મોબાઈલ જરૂરી વસ્તુ છે અને તારી પાસે નથી એની મને ખબર છે એટલે તારા માટે હું લાવ્યો છું.’’

‘‘વાહ દોસ્ત,’’ કમલેશે કહ્યું, ‘‘તારો હાથ પકડીને હું ચાલું છું ને મારો હાથ પકડીને તું ચાલજે, એટલે આપણે કદી જુદા ન પડીએ !’’

એ પછી ચા-નાસ્તો પતાવીને કમલેશ પાછો પોતાના ગામે આવ્યો ને બીજા દિવસે એ અમદાવાદ ભેગો થઈ ગયો.

સમીર પણ થોડા દિવસ પછી અમદાવાદ આવ્યો. સિવિલની મેડિકલ કોલેજમાં એનું ભણવાનું પણ ચાલુ થઈ ગયું હતું.

લગભગ છ મહિના પસાર થઈ ગયા. એક વખત કમલેશ અને ભાવના સમીરને સિવિલ હોસ્પિટલ જઈને મળી આવ્યાં. જમવાનો સમય હતો એટલે એની મેસમાં સાથે જમ્યાં. મેસ મેડિકલ કોલેજથી એકાદ કિલોમીટર દૂર હતી. ‘‘તને મળીને મઝા પડી સમીર,’’ પાછા ફરતી વખતે કમલેશે કહ્યું, ‘‘હવે એકાદ વખત તું પણ અમારે ઘેર આવ. અમારા સાહેબનો સ્વભાવ ખૂબ સારો છે.’’

‘‘ચોક્કસ આવીશ,’’ સમીરે કહ્યું અને બંને વિદાય થયાં. થોડા દિવસ પછી સાહેબે એને બોલાવ્યો.

‘‘કમલેશ,’’ સાહેબે પૂછ્યું, ‘‘તને ગાડી ચલાવતાં આવડે છે ?’’ ‘‘હા સાહેબ, સરસ આવડે છે,’’ કમલેશે કહ્યું, ‘‘અને મારી પાસે લાયસન્સ પણ છે.’’

‘‘સરસ,’’ સાહેબે કહ્યું, ‘‘તો હમણાં સાડા બાર વાગ્યે નાની વહુને લઈને વસ્ત્રાપુર જજે, એને થોડું કામ છે. આપણી ક્રિયા ગાડી લઈ જજે.’’ ‘‘જી સાહેબ,’’ કહીને કમલેશ એના ક્વાર્ટરમાં ગયો. એ દિવસ 12મી જૂન, 2025 હતો.

સાડા બાર વાગ્યે કમલેશ નાની વહુને લઈને ઘેરથી નીકળી ગયો. વસ્ત્રાપુર જઈને પાછા આવતાં એણે જોયું કે, દૂર દેખાતા કાળા ધુમાડા તરફ લોકો જોઈ રહ્યા હતા. એણે ગાડી રોકીને એક જણને શું થયું છે એ પૂછ્યું.

‘‘સિવિલ હોસ્પિટલ પાસે લંડન જતું વિમાન તૂટી પડ્યું છે એ સળગે છે,’’ એક જણે કહ્યું, ‘‘આ એના ધુમાડા છે, બીજી ખબર નથી.’’

કમલેશે ઘેર જઈને તરત જ ટી.વી. ચાલુ કર્યું. ટી.વી. માં પ્લેનક્રેશના જ સમાચાર આવતા હતા.

‘‘વિદ્યાર્થીઓ મેસમાં જમતા હતા એ મેસ પર વિમાન તૂટી પડ્યું છે ને એનું પેટ્રોલ બાજુના બ્લોકમાં ઢોળાયું ને એ બ્લોકમાં ભયાનક આગ લાગી છે. ફાયરબ્રિગેડ એ ઓલવવા મહેનત કરે છે. જો કે હવે આગ લગભગ ઓલવાઈ જવા આવી છે.’’ સમાચારમાં આવતું હતું.

કમલેશે મેસ શબ્દ સાંભળ્યો ને એને તરત જ થયું કે, સમીર પણ મેસમાં જ જમતો હતો!

તરત જ એ બાઈક લઈને સિવિલ પહોંચી ગયો. એ મેસ પાસે પહોંચ્યો ત્યારે લોકોનાં ટોળેટોળાં હતાં. મેસની બિલ્ડિંગ પર વિમાન પડ્યું એટલે એની છત તૂટી પડી ને અંદર જેટલા હતા એ બધાં જ અવસાન પામ્યાં હતાં. એ બધાનાં શબ બહાર કાઢવાની કામગીરી ચાલતી હતી. બાજુની બિલ્ડિંગમાં તો ભયાનક આગ લાગી હતી, એટલે આગમાં બળી ગયેલું કોઈ પણ ઓળખાય એવું ન હતું.

બે-ચાર લાશ ફાયરબ્રીગેડવાળાએ મેસમાંથી લાવીને નીચે મૂકી હતી. પાંચમી લાશ એ લોકો લાવ્યા ત્યારે સ્ટ્રેચરમાંથી એનો હાથ લટકતો હતો. કમલેશનું તરત જ ધ્યાન ગયું - એ હાથ પર જ સમીરને પોતે આપેલી ઘડિયાળ હતી!

એણે તરત જ દોલતરામ મીણાને ફોન કર્યો.

“દોલતરામભાઈ,”કમલેશે કહ્યું, “સમીરને અકસ્માત થયો છે, તમે જલ્દીમાં જલ્દી ટેક્સી કરીને અમદાવાદ સિવિલ હોસ્પિટલ આવી જાવ. જરાય વાર ન લગાડતા.”

એ પછી તો બધી લાશોને હોસ્પિટલની લોબીમાં લાઈનબંધ ગોઠવવામાં આવી. લગભગ સાડાચાર કલાકે દોલતરામ મીણા આવ્યા ને કમલેશ એમને શબોની લાઈન પાસે લઈ ગયો.

એક લાશના માથા પરથી કમલેશે કપડું ખસેડ્યું ને દોલતરામ સમીરની લાશ જોઈને બેભાન થઈને ઢળી પડ્યા!

હાથમાં હાથ રાખીને ચાલવાનો વાયદો કર્યો હતો ને આજે અચાનક હાથ છોડીને સમીર ચાલ્યો ગયો, એના આઘાતથી કમલેશની આંખોમાં આંસુ છલકાયાં!

(શીર્ષકપંક્તિ: જિજ્ઞેશ વાળા. સત્યઘટના પર આધારિત. સ્મરણ : ડૉ. શિવમ રાવલ )

સ્પંદન

નિરંજન યાજ્ઞિક